સાલ : ૯ / સિલસિલાવાર નંબર : ૯૭ / શુમારો : ૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

ફુલ પાના - ૧૦

مشکوۃ الہادی

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ મોહર્રમુલ હરામ ૧૪૩૩ હિ., ૨૬-૧૧-૨૦૧૧

## -::: ખુશી પછી ગમ, ગમ પછી ખુશી :::-

દુનિયાના તમામ મઝહબો પોતાના નવા સાલની શુરૂઆત ખૂબ ધામધૂમથી કરે છે. હર તરફ ખુશી અને ખુર્રમી હોય છે. અને આ જશ્ન અને ખુશી ઘણા દિવસ તક ચાલે છે. મગર હમારે વાસ્તે નવા સાલની શુરૂઆતનો તરીકો બધા કરતા અલગ છે. હમે ભી ખુશી મનાવીએ છે. એકબીજા ને મુબારકબાદી પેશ કરીએ છે. મગર નવા સાલની હમારી ખુશી ચંદ કલાકોમાંજ ગમ માં તબ્દીલ થઈ જાય છે. પહેલી મોહર્રમની ખુશીને બાદ બીજી મોહર્રમના દિન ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબના ગમની મજલિસ શુરૂ થઈ જાય છે. હમારે વાસ્તે અલ્લાહતઆલાએ ખુશી પછી એક અઝીમ ગમ મૂકેલો છે જે હમારે વાસ્તે હસનત અને નેકી છે. મુમિન આ દુનિયાની ફાની અને ખોખલી ખુશીમાં ડૂબી ના જાય એના વાસ્તે ઈમામ હુસૈન (અ.સ.) ના ગમનો સફીનો મુકેલો છે, જેમાં સવાર થઈને મુમિન અબદી અને હંમેશાની ખુશી તરફ શૌક કરે છે. હકીકતમાં આકિલ મુમિન વાસ્તે ઈમામ હુસૈન (અ.સ.) ની યાદ એક “ગમ” નથી મગર આખેરત તરફ જાવાનો આસાન રસ્તો છે.

નૌહા કરવું, બુકા કરવું, રોવું એ ઈન્સાનની તબીઅતમાં હોય છે. જે વક્ત એના એહલો અયાલમાંથી કોઈ વફાત થાય છે તો ઈન્સાન રોઈ છે, નૌહા કરે છે. એના રોવામાં ગુઝરી ગયેલાની મોહબ્બત જે એના દિલમાં છે તે ઝાહિર થાય છે. એની મોહબ્બત આંસુ બનીને નિકલે છે.

**હમારા મૌલા સૈયદના સાહબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ હમારા કારેઈન મુમેનીન વાસ્તે, અય અલ્લાહતઆલા, તું ૧૪૩૩ હિ. નું સાલે જદીદ બરકાતે હુસૈનીયાહના તુફૈલથી મુબારક કરજે, ખુશહાલી અને સુકૂન બખ્શનાર કરજે.**

શરીઅતના ઢાંચામાં જોઈએ તો નૌહો-બુકા એ દુઆ કરવાનો એક તરીકો છે. અલ્લાહ તઆલાને નઝદીક ઈન્સાન દોઆ માંગે છે તેમાં તેની બેબસી અને લાચારી માલુમ પડે છે. તે એમ મેહસૂસ કરે છે કે મને પૈદા કરનાર એક મહાન હસ્તી છે જેના હાથમાં મારી તકદીર છે. તે જ મને ઝિંદગી અને મૌત આપનાર છે. તેજ મને રિઝક અને તંદુરસ્તી આપનાર છે. તે અલ્લાહથી ડરે છે અને પોતાના ગુનાહોને યાદ કરે છે અને તેની મઆફીને વાસ્તે દોઆ કરે છે.

સઘલા ઈન્સાન આ દુનિયામાં આવે છે. એક વક્ત તક ઝિંદા રહે છે અને ગુઝરી જાય છે. ઔલેયા એ કેરામ કે જે નબી, વસી, ઈમામ યા દાઈ છે તે પોતાના માનનારાઓને યાદ અપાવે છે કે અસલ વતન ક્યાં છે અને દુનિયામાં આવવાનો શું મતલબ છે. દુનિયામાં રહીને દીન પર ચાલીને ઝિંદગીને કામિયાબ કઈ તરહ બનાવવી એની નસીહત તેઓ કરે છે. શરીઅતના રસ્તાને સમઝાવનાર, જન્નતનો રસ્તો બતાવનાર, પોતાની જાનને ઓલખાવનાર, આ તમામ ઔલેયાએ કેરામ છે જે તમામ મુમેનીનના રૂહાની વાલેદૈન છે.

તમામ ઔલેયાએ કેરામમાં ઈમામ હુસૈન (અ.સ.) નો મરતબો ઘણો નિરાલો છે. જેના નાના રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હોય, જેના બાવાજી ફાતહે ખૈબર મૌલાના અલી (અ.સ.) હોય, જેના માઁ મૌલાતોના માઁ ફાતેમતુઝ ઝહેરા (અ.સ.) હોય, જેના ભાઈ હકના પહેલા ઈમામ મૌલાના હસન (અ.સ.) હોય એની ફઝીલત ભલા કોઈને

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે વક્ત ઈન્સાનની અક્લ કામિલ થાય છે તો એનું બોલવાનું કમ થઈ જાય છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***ખુશી પછી ગમ, ગમ પછી ખુશી....***

સાથે સરખાવી શકાય ? તમામ ખલ્કત આપની ખુશીમાં ખુશ છે અને આપના ગમમાં નૌહો-બુકા કરે છે. મોહર્રમુલ હરામના મહિનામાં ઈમામ હુસૈન (અ.સ.) એહલે બૈત (અ.સ.) ને સાથે મુસીબતમાં ગિરફતાર થયા. આપના મસાઈલ પર તમામ ઈન્સ, જીન્ન, પત્થર, ઝમીન, આસમાન, સિતારા અને હૈવાન રોયા.

ઈમામ હુસૈન (અ.સ.) ની બલંદી યે છે કે આપ પર ખુદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) રોયા. આપના આ કલામ મશ્હૂર છે કે મારા ફરઝંદ હુસૈન પર જે બુકા કરશે, બુકા કરાવશે અથવા બુકા કરવા જેવું મૂંહ કરશે તો તેના વાસ્તે જન્નત વાજીબ છે. ઈમામ હુસૈન (અ.સ.) ના નામ પર જે કોઈ આ ત્રણ ચીઝોમાંથી કોઈ એક પણ કરે તો એ ઈન્સાની જીસ્મમાં અલ્લાહનો ફરિશ્તો છે. મોહર્રમુલ હરામની મજલિસો કે જેમાં ઈમામ હુસૈન (અ.સ.) અને એહલે બૈત (અ.સ.) ની ઝિકિર ઝિંદા થાય છે તે હકીકતમાં ફરિશ્તાઓની મજલિસ છે.

સૈયદના મોઅય્યદ શીરાઝી સાહબ (આ.કુ.) ઈમામ હુસૈન (અ.સ.) ની મજલિસ વાસ્તે આદાબ અને તેહઝીબ બયાન કરતા કહે છે કે, "અઝહેરુન નૌહા વલ અવીલ"- નૌહા અને રોવાની ચીઝને તમે ઝાહિર કરો. આપ ફરમાવે છે કે માતમમાં સીનાઝની કરો અને આઁસુ વહાવો. ઈમામ હુસૈન (અ.સ.) ની મુસીબતમાં જાન ખર્ચી દો. આપ પર જે મુશ્કિલ આવી તેના કરતા કોઈ ચીઝ વધીને નથી.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના નૂરાની કલામમાં ફરમાવે છે કે કયામતના દિન હર આઁખ રોતી હશે અને ગમમાં ડૂબી હશે મગર એ આઁખ ખુશ હશે કે જે પોતાની ઝિંદગીમાં ઈમામ હુસૈન (અ.સ.) ના ગમમાં રોઈ હશે.

તો હકીકતમાં હમારે વાસ્તે ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબ પર રોવામાં આખેરતની ખુશી છે. આપના ગમમાં અલ્લાહતઆલાએ હમારે વાસ્તે જન્નતના તોહફાની ઝમાનત આપેલી છે. ભલા જન્નત હાસિલ કીધા બાદ બીજી કોઈ મોટી ખુશી એક મુમિન ને વાસ્તે શું હોય શકે? આ તે જ અય્યામ છે જેમાં હુઝૂરેઆલી સૈયદના તૈયબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) તૈયબી તખ્ત પર જલ્વા અફરોઝ થાશે અને આપની રઝાથી મુમેનીનને દરમિયાન ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર ઝિંદા થાશે, યહાઁ તક કે આશુરાના દિન આપના વસીલાથી તમામ મુમેનીન પોતાના ગુનાહોની મગફેરત કરાવશે. તમામ મુમેનીનની એ જ દોઆ છે કે અલ્લાહતઆલા હમારા સરો પર દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) નો સાયો કાઈમ રાખે કે જેના સબબ ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર હમારે દરમિયાન બાકી રહે અને ઈમાનના દરજા હમે ચઢતા રહીએ. આમીન... ★

*(પેજ નં. ૬ નું બાકી)* ***મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.)....***

દોઆની એ બરકત છે કે એના પઢનારને કોઈ વક્ત બુખારની શિકાયત નહીં રહે. મૌ.સલમાન (રિ.અ.) કહે છે કે મેં એક હઝાર બીમારોને આ દોઆ પઢીને શિફા બખ્શી છે કે જે બુખારમાં ગિરફતાર હતા.

દોઆ :

**"બિસ્મિલ્લાહીન નૂર, બિસ્મિલ્લાહે નૂરૂન નૂર, બિસ્મિલ્લાહે નુરૂન અલા નૂર, બિસ્મિલ્લાહે હોવા મોદબ્બેરૂલ ઓમૂર, બિસ્મિલ્લાહીલ લખી ખલકન નૂર, વ અન્ઝલન નૂરે અલત્તૂરે ફી કિતાબિન મસ્તૂરે અલન્નબીયિલ મહબૂર, બિસ્મિલ્લાહીલ લઝી હોવા બિલ ઇઝ્ઝે મઝકૂર વબિલ ફખરે મશ્હૂર વઅલસ્સર્રાએ વઝ્ઝર્રાએ મશ્કૂર વ સલ્લલ્લાહો અલા મોહંમદીન વઆલેહિત્તાહેરીન."** ★

**એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જંગલમાં ગયા. આપ ફરમાવે છે કે લાકડા લાવો. અસ્હાબો કહે છે કે આસપાસ કોઇ મોટા લાકડા દેખાતા નથી કે જેથી આગ લગાવી શકાય. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કહે છે કે ઝમીન પર જેટલી નાની નાની લાકડીઓ છે એને જમઅ કરો અને આગ લગાવો. પછી આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે આજ મુજબ ઝિંદગીમાં પણ નાના નાના અમલ ને જમઅ કરીએ તો અઝીમ ખઝાનો બની જાય છે.**

**બદનની સેહત કરતા અફઝલ દિલની સેહત છે.**

## -::: શેની તલાશ છે ? કહાં તલાશ કરીએ ? આકિલ જાણે છે :::-

નવા સાલની મુખ્તસર અને થોડા વકતની ખુશી મનાવા બાદ એહલે વલા અને હુસૈની લોકો ઈમામ હુસૈન (અ.સ.) ના ગમમાં ડૂબી જાશે. આ તેજ અય્યામ છે જેમાં ઈલ્મની નેહરો જારી થાય છે. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર ફકત કરબલાના વાકેઆ અને શોહદાની શહાદત પર ખતમ નથી થાતી, બલ્કે એમની ઝિકિરમાં મુમિનની ઝિંદગીના હર પેહલુ અને હિસ્સા સમાયેલા છે. આ તે જ અય્યામ છે જેમાં મુમિન ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર સાથે ઝિંદગી જીવવાના અને આખેરત સજાવવાના સબક શીખે છે. જો અગર ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર ફકત કરબલાના વાકેઆ પર જ પૂરી થઈ જાત તો વકતના સાથે આપની ઝિકિર ઝાઈલ થઈ જાતે અને ભુલાઈ જાતે, મગર આપની ઝિકિરમાં એવો મોઅજિઝો છે કે મુમિન આપની ઝિકિરથી હર સાલ એક નવી તાઝગી અને તરાવત મેહસૂસ કરે છે. મુમિનને આપની ઝિકિરથી ઝિંદગી જીવવાનો અને સજાવવાનો હર સાલ એક નવો નુસ્ખો મિલે છે.

ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિર ઈસ્લામના હર ફિરકામાં આજ તક ઝિંદા છે અને હંમેશા વાસ્તે રહેશે. દુનિયાભરના મુસલમાનો પોતાના અકીદા અને રસમ મુજબ મોહર્રમુલ હરામમાં ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબને યાદ કરે છે. મગર હકીકત યે છે કે આ લોગોના મજમઅ માંથી ઘણા કમ છે કે જે ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિરના ઝાહિર અને બાતિન ને જાણે છે. ભલે ઈમામ હુસૈન (અ.સ.) ના નામ લેનાર હર ફિરકાના લોકો હોય છે મગર એની મજલિસ, બયાન અને ઝિકિર એક સરખી હોતી નથી. જાહિલ લોકો એમ કહે છે કે મોહર્રમુલ હરામના અય્યામમાં કોઈ ભી મજલિસમાં જાવ જહાં ઈમામ હુસૈન (અ.સ.) નું નામ લેવાતું હોય તો બજા-બરાબર છે ! મગર એ લોકો ગાફિલ છે અને કમ અકલ છે કે એ ચીઝ તરફ નઝર નથી કરતા કે ઈમામ હુસૈન (અ.સ.) ના નામને સાથે, ઝિકિરને સાથે બીજા લોકો પોતાના ફિરકાના અકીદા અને રસમ જોડે છે, જેમ સાહબે દાઅવત મોહર્રમુલ હરામની મજલિસમાં અલવી જમાઅતના અકીદા પર રોશની નાંખે છે.

અજબ જેહાલત અને બેરૂખી છે કે જે ચીઝની તલાશ અપની મોહર્રમુલ હરામની મજલિસમાં કરવી જોઈએ તેને બજાય આ બેવકૂફ લોકો આ અય્યામમાં બીજી મજલિસોમાં જઈને બીજાના અકીદા અને રસમ જાણીને મઝા લે છે. એવા લોકોની મિસાલ એવા ફિરકાના લોકોની છે જે મદીના શહેરમાં રહેતા હતા, જેહાલતના સબબ એ લોકો ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) અને ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને ભૂલી ગયા હતા. ઈમામ એ લોકોના શહેરમાં હાઝિર હોવાને બાવજૂદ એ લોકો હકીકી ઈલ્મની નેઅમતથી મેહરૂમ હતા. તે જમાઅતે ઈરાદો કીધો કે અપને બધા ઈલ્મ શીખવાને વાસ્તે સીન (ચીન) જઈએ. આ વાતની ખબર બેહલૂલ દાના ને પડી. જે વકત આ જમાઅતના લોકો કાફલો બનાવીને મદીનાથી વદાઅ થાવા લાગા તો બેહલૂલ દાના સઘલાથી આગળ જઈને મદીનાથી બાહર પહોંચી ગયા અને ઝમીન પર બેસીને ધૂળ અને માટીને તે ચારણી લઈને ચાલવા લાગા. જે વકત કાફલાના લોકો મદીનાને બાહર આવ્યા અને બેહલૂલને જોયા તો અજબ થઈને પૂછું કે તમેં આ શું કરી રહ્યા છો. બેહલૂલે જવાબ આપો કે, મારી સોઈ મદીનામાં ગુમ થઈ છે તે ઢૂંઢવા વાસ્તે યહાં આવ્યો છું.

કાફલાના લોકો હસવા લાગા તો બેહલૂલે જવાબ આપો કે તમે મારી મઝાક ના કરો. ખરેખર તો મઝાક કરવાને લાયક તો તમેં લોકો છો. તમે કેવા કે ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) મદીનામાં છે અને તમે એમને ભૂલીને ઈલ્મ પઢવા ચીન જઈ રહ્યા છો ? તમે લોકો તો મારે કરતા બદતર છો કે તમને તમારા ઈમામની પહેચાન અને ઓળખ નથી. બેહલૂલનો આ જવાબ સાંભળીને તમામ લોકોનું માથું શરમથી ઝુકી ગયું અને ચીન જાવાનો ઈરાદો પડતો મૂકીને યે લોકો મદીના પાછા ચાલા ગયા.

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**એ ઈલ્મ જાણવું ઘણું હલકું છે જે જાનનાર ની ઝબાન પર જ રહી જાય.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર

## : મસાજિદની ઝિકિર : - કિસ્ત-૫

❊ મસ્જીદ ઈબાદતની અને સજદહ દેવાની જગહ છે જેમાં હર વકત મુમેનીનની નમાઝ સાથે અલ્લાહતઆલાના ફરિશ્તાઓનો નુઝૂલ થાય છે. મુમિન પર લાયક છે કે જે વકત મસ્જીદમાં દાખિલ થાય તો જમણો પગ આગળ કરે અને આ મુજબ દોઆ પઢે. "બિસ્મીલ્લાહે વબિલ્લાહે અસ્સલામો અલયકા અય્યોહન્નબીયો વરહમતુલ્લાહે વબરકાતોહુ. અસ્સલામો અલયના વઅલા એબાદિલ્લાહિસ સાલેહીન." આ દોઆમાં અપને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર સલામ, રેહમત અને બરકત બોલીયે છે અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ બોલીયે છે અને જો મસ્જીદમાં એકથી વધારે લોકો હોય તો આ કલેમાતનો વધારો કરીયે છે - "અસ્સલામો અલયકુમ વરહમતુલ્લાહે વ બરકાતોહૂ." નમાઝ યે અલ્લાહતઆલાની દાઅવત છે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આવવાથી કાઈમ થઈ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની યાદમાં તમામ અંબિયા (અ.સ.) ની ઝિકિર સમાયેલી છે. તો હર મુમિન પર વાજીબ છે કે મસ્જીદમાં દાખિલ થાતા પહેલા આપ પર સલામ અને બરકત બોલે કેમકે અગર આપ દુનિયામાં આવીને નમાઝની તાઅલીમ અને શરીઅતના રસ્તાની હિદાયત ન આપતા તો હમારી નજાત ન થાતી.

❊ મુમિન અગર મસ્જીદમાં દાખિલ થાય તો તેના હક યે છે કે (યાની એના પર લાઝિમ છે કે) બે રકાતની નમાઝ પઢે - કે જે તહિય્યતુલ મસ્જીદની નમાઝ છે. પહેલી રકાતમાં સૂરતુલ ફાતેહા અને સૂરતુલ ફલક પઢે અને બીજી રકાતમાં સૂરતુલ ફાતેહાને સાથે સૂરતુન્નાસ પઢે. મગરિબ પહેલા મસ્જીદમાં દાખિલ થઈને તહીય્યતુલ મસ્જીદની નમાઝ ન પઢાય કેમકે અસરની નમાઝ બાદ મગરિબ તક કોઈ સજદો નથી. અગર ચાહે તો મગરિબ બાદ યા ઈશાઈલ આખેરત બાદ તહીય્યતુલ મસ્જીદની નમાઝ પઢી શકાય છે.

❊ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિવાયત છે કે જે શખ્સ અલ્લાહ તઆલા વાસ્તે એક છોટી સી મસ્જીદ બનાવે અગર જે કતાત (એક નાનું પક્ષી) પરિન્દા ના બેઠક જીતની પણ હોય તો અલ્લાહતઆલા એના વાસ્તે જન્નતમાં ઘર બનાવશે. આ રિવાયતનો ઈશારો એ છે કે અગર કોઈ શખ્સ અલ્લાહની રાહમાં અલ્લાહના ઘર વાસ્તે પોતાની દૌલતમાંથી ખર્ચ કરશે તો અલ્લાહતઆલા એના વાસ્તે જન્નતમાં ઘર બનાવશે. હર સાલ મુમેનીન મસ્જીદને વાસ્તે રમઝાનુલ મોઅઝ્ઝમમાં સબીલ આપે છે જેની રકમનો ઈસ્તેમાલ મસ્જીદ વાસ્તે થાય છે. મુમિન પર લાયક છે કે જે વકત મસ્જીદમાં આવે તો ગૌર કરે કે કઈ ચીઝની ઝરૂરત મસ્જીદમાં છે જેથી મસ્જીદની ઝીનતમાં વધારો થાય યા કઈ ચીઝની ઝરૂરત છે કે જેથી નમાઝીઓને ફાયદો થાય. અગર એની દૌલત ખર્ચીને મસ્જીદ વાસ્તે મદદ કરશે તો અલ્લાહતઆલા એનો સવાબ આપશે. મુમેનીન પોતાના ઘરોને ઝીનત આપવા અને આરામ ને વાસ્તે બેઈન્તેહા દૌલત ખર્ચે છે. અગર મુમીનનું ઘર એનું જીસ્માની ઘર છે તો મસ્જીદ એનું રૂહાની ઘર છે જેમાં આવીને ઈબાદત કરે છે અને દોઆ કરે છે. તો એવા રૂહાની ઘરની ઝીનત અને રૌનક કેવી નિરાલી અને આઅલા હોવી જોઈએ એને વાસ્તે કોશિશ કરવું તમામ પર વાજીબ છે. ★

---

*(પેજ નં. ૩ નું બાકી)* **શેની તલાશ છે ?....**

અપની જમાઅતમાં પણ લોકોના એવા ટોળાઓ છે જે હકીકી હિદાયતના સરચશ્મા અને બાબ મૂકીને બીજી મજલિસોમાં જઈને પોતાની અકલ, દિલ, આઅમાલ અને અકીદાને બગાડે છે. આ લોકો જે ચીઝ બીજી મજલિસોમાંથી હાસિલ કરે છે તે એના કોઈ કામની નથી અને હકીકતમાં જે ચીઝ એ લોકો વાસ્તે ઝરૂરી છે એ ચીઝ હાસિલ કરવા અપની મજલિસોમાં આવતા નથી. બેશક, અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કહે છે કે, ઘણા કમ લોકો છે જે આકિલ છે અને જાણકાર છે. અલ્લાહતઆલા હમને હમારા દીન પર કાઈમો દાઈમ રાખે અને ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિકિરની હકીકી તૌર પર હમારા દિલોમાં ઝિંદા રાખે એમ હમારી દોઆ છે. ★

**એ ઈલ્મ જાણવું ઘણું જ બલંદ છે જે જાનનાર ના જીસ્મ પર અમલ બનીને ઝાહિર થાય.**

## -::: ૧૨ સુન્નતો :::-
## પડોશી સાથે ખુશ-તઅલ્લુક રાખવો - કિસ્ત : ૨

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના હિકમતના કલામમાં ફરમાવે છે કે, હકીકી મુમિન તે જ છે જે એના પડોશીની ખબર રાખે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, જીબ્રઈલ (અ.સ.) જે વકત ભી વહ્ય લઈને આવતા હતા તો હર વકત મને પડોશીના મોતઅલ્લિક સવાલ કરતા હતા અને એમને સાથે નેક સુલૂકની વસીયત કરતા હતા. યહાઁ તક કે મને ખૌફ થયો કે વિરાસતના હકમાં ભી અલ્લાહતઆલા પડોશીને શામિલ કરી દેશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાના અસ્હાબને ફરમાવું છે કે, જે કોઈ રાતે પેટ ભરીને જમીને સુઈ જાય અને જો એનો પડોશી ભૂખો હોય તો હરગિઝ એ મુમિન ન કહેવાય. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમારા જમણનો હિસ્સો પડોશીને આપો અને તમારા પાસે વધારાના કપડા હોય તો પડોશીને આપો. એમ કરવાથી અલ્લાહતઆલાનો ગુસ્સો ઠંડો થઈ જશે. આના સિવાય પડોશી સાથે નેક સુલૂક કરવાની ૮ અદબો આ મુજબ છે :

(૧) પડોશીના ઘરમાં નઝર કરે નહી - ઝાંકે નહી. અને તેમના બૈરો તરફ નઝર કરે નહીં. આ અદબથી મુરાદ યે છે કે પડોશીની મખ્ફી વાતોમાં એની ઈજાઝત બગૈર દખલ યા ચાપલૂસી કરે નહીં.

(૨) પડોશીના ઘરમાં જે વાત-ચીત થાતી હોય એને છુપી રીતે સાંભલે નહીં.

(૩) પડોશીના ઐબ યા મખ્ફી વાતો ઝાહિર કરે નહી યાની બીજા કોઈને કહે નહીં.

(૪) પોતાના ઘરમાં એવા કલામ ન બોલે જેથી પડોશીને પરેશાની થાય. ગાલી યા ખરાબ અલ્ફાઝ બોલે નહીં કે જેથી પડોશી સાંભળે. અગર પડોશી બીજા મઝહબના હોય તો એવી મઝહબી વાતો કરે નહીં કે જેથી એના દિલને ઠેસ પહોંચે.

(૫) પડોશી નાપસંદ કરે એ મુજબનો લિબાસ યા કપડાં ન પેહરે. અગર પડોશીઓ જોઈ શકતા હોય તો ઘરમાં કપડા બરાબર પેહરે.

(૬) અગર પડોશી કોઈ ચીઝ તલબ કરે યા માંગે તો એને હર હાલમાં મદદ કરે. ઘરમાં એ ચીઝ હોવાને બાવજૂદ ઈન્કાર ન કરે. અલ્લાહતઆલા કુર્આને કરીમમાં ફરમાવે છે કે, “ફિટકાર છે એવા નમાઝીઓને કે જેઓ પોતાની નમાઝથી ભુલનારાઓ છે અને લોકોમાં નામવરી કરવા વાસ્તે દેખાવ કરે છે પણ પડોશીઓ ને ઝરૂરી ચીઝો માંગવા આવે તો તેમને આપતા નથી.”

(૭) અગર પડોશી માલી હાલતથી કમઝોર હોય, ગરીબ હોય તો પોતાની દૌલતનો દેખાવ કરીને એને એહસાસે કમતરી (inferiority complex) ન લાવે. પડોશીને દિલમાં એવો એહસાસ ન થાય કે અપને કોઈ ચીઝ વાસ્તે દૌલતમંદ ને નઝદીક કઈ તરહ જઈએ.

(૮) અગર પડોશી દૌલત વાલા હોય, મઆશેરા (Society)માં ઊંચો દરજો રાખતા હોય તો એની કોઈ પણ ચીઝથી હસદ ન કરે. એનું બુરૂ ન સોચે બલ્કે એની ખુશીમાં પોતાની ખુશી સમજે.

દુનિયામાં નેક દોસ્ત અને નેક પડોશી હાસિલ કરવા એ મોટામાં મોટી નેઅમત છે. અગર અપને નેક પડોશી હાસિલ ન થાય તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આ સુન્નત અને અદબ પર ચાલીને અમલ કરીને બીજા ને વાસ્તે તો અપને નેક પડોશી બની જ શકીએ છીએ. અગર આ મુજબની સીરત પર મુમિન ચાલે તો બદલામાં કોઈ વકત તો એને નેકી હાસિલ થાવાની જ છે. અલ્લાહતઆલાની બારગાહમાં દોઆ કરીએ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતો ને હમારા અખ્લાક અને મિઝાજમાં ઝિંદા રાખે. આમીન .... ★

**ઈખ્લાસ-દિલની સફાઈથી જ નજાત મળશે.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૮

એક આમ ઈન્સાન મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) ની ફઝીલત અને શરફ શું લખી શકે ? આપના મરતબાની માઅરેફત કરવી માઅમૂલી ચીઝ નથી. આપ એ શરફ અને બુઝુર્ગી ના સાહબ છો કે આપની બરાબરી કરી શકે એવા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બીજા કોઈ અસ્હાબ નથી. ઘણી વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવતા હતા કે, "સલમાનો મિન્ના અહલુલ બૈત" યાઅની આપ હમારા એહલેબૈતમાંથી છો. જેના વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ મુજબના કલામ ફરમાવે અને એહલેબૈત (અ.સ.) ના રૂકન હોવાનું કહે એની બીજી શું બયાની થઈ શકે ? આપ (સ.અ.વ.વ.) ઝિયાદહ ફરમાવે છે કે અગર ઈમાન ઝમીનમાં હોતું તો સલમાન વહાં ભી પહોંચી જાતા.

આપ (સ.અ.વ.વ.) કહે છે કે, દુનિયામાં ઈમાનમાં પહેલા દાખિલ થાનારા પાંચ શખ્સો છે. એમાંથી પહેલા મૌલાના અલી (અ.સ.) કે જે સાબેકુલ અરબ યાઅની અરબમાંથી પહેલા ઈમાન લાવા. બીજા સલમાનુલ ફારસી છે કે જે અજમમાંથી પહેલા ઈમાન લાવનારા છે. ત્રીજા સોહેલ છે કે જે રૂમ (Rome) માંથી પહેલા ઈમાન લાવા. ચોથા બિલાલ છે જે હબશમાંથી પહેલા ઈમાનદાર છે અને પાંચમાં અમ્માર બિન યાસિર છે કે જે કબ્તમાંથી પહેલા ઈમાનનું દામન થામનાર છે.

આપ (સ.અ.વ.વ.) કહે છે કે, અય લોકો, મને અલ્લાહતઆલા એ ચાર શખ્સોની દોસ્તી કરવાનો હુકમ કીધો છે અને એમાં સલમાન ભી શામિલ છે. અને હજી આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અય અલી (અ.સ.) જન્નત તમારી, સલમાનની, અબુઝરની અને મિકદારની મુશ્તાક છે યાઅની તમારે તરફ શૌક રાખે છે.

ખુદ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) રિવાયત કરે છે કે મેં કોઈ કામ વાસ્તે બાઝારમાં જઈ રહ્યો હતો. રસ્તામાં મૌ.અલી (અ.સ.) સાથે મુલાકાત થઈ. મારા મૌલાએ મને ફરમાવું કે, અય ભાઈ સલમાન, મકાન પર સૈયેદહ ફાતેમા (અ.સ.) ની ખિદમતમાં જાઓ, જન્નતથી કંઈક તોહફાઓ આયા છે તેમાંથી તમને ભી ઈનાયત કરશે. મૌ.સલમાન (રિ.અ.) કહે છે કે મેં ફૌરન જનાબ મૌલાતોના ફાતેમા (અ.સ.) ની ખિદમતમાં હાઝિર થયો. મને જોઈને મૌ.ફાતેમા (અ.સ.) એ ફરમાવું કે અય સલમાન, તમેં હવે હમારા ઘર તરફ ઝિયાદહ આવતા નથી જેમ પહેલા આવતા હતા. તમને ખબર છે કે બાવાજી સાહબ (સ.અ.વ.વ.) ના વફાત બાદ મને કોઈ તરહનું ચૈન નથી.

તે બાદ મૌ.ફાતેમા (અ.સ.) ફરમાવે છે કે હમણા જન્નતથી ચાર બૈરો આવા હતા અને એમના નામો આ મુજબ હતા - "સલમા", "મકદૂદહ", "ઝરહ" અને "અમ્મારહ". એ બૈરોએ જન્નતની ચંદ રતબ (ખજૂરી) મને આપી છે જે બર્ફ કરતા ઝિયાદહ ઠંડી છે, મુશ્ક (કસ્તૂરી) કરતા ઝિયાદહ ખુશ્બૂદાર છે. મૌ.સલમાન (રિ.અ.) કહે છે કે તે બાદ મૌ.ફાતેમા (અ.સ.) એ મને જન્નતની ખજૂરીઓ માંથી એક ખજૂરી આપી અને ફરમાવું કે, લો સલમાન, આ તમારો હિસ્સો છે. આ ખજૂરીથી ઈફતાર કરજો અને એનું બીજ મને આપી દેજો. મૌ.સલમાન (સિ.અ.) કહે છે કે, જે વક્ત મેં ખજૂરી લઈને બાહર ગયો તો મારા તમામ બદનથી કસ્તૂરીની ખુશ્બૂ મહેકવા લાગી. ઈફતારના વક્ત મેં ખજૂરી જમો તો એમાંથી બીજ નિકલું નહી. બીજે દિન મેં મૌ.ફાતેમા (અ.સ.) ને નઝદીક ગયો અને કહ્યું કે ખજૂરીમાંથી બીજ નિકળું નથી. તો આપે જવાબ આપો કે સહીહ છે - એ ખજૂરીમાં બીજ ના હોય, કેમકે એ ખજૂરી મારી દોઆનો નતીજો છે.

મૌ.ફાતેમા (અ.સ.) એ ફરમાવું કે, અય સલમાન, જે દોઆની મેં ઝિકિર કીધી તે વો મુબારક દોઆ છે કે જેની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને તાઅલીમ આપી છે. મૌ.સલમાન (રિ.અ.) કહે છે કે મે મૌ.ફાતેમા (અ.સ.) ને ઈલ્તેજા કરી કે એ દોઆ મને પણ સીખાવો. આપે મને એ બરકતી દોઆ સીખાવી અને કહ્યું કે, અય સલમાન આ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ગુનાહને મૂકી દેવું તૌબા કરવા કરતા ઝિયાદહ આસાન છે.**

(પેજ નં. ૧૦ નું બાકી) **હકીમસાબ....**

વાપરવાથી નખ સુકાઇ જાય છે અને ખરબચડા થઇ જાય છે.

(૪) માનસિક તનાવ (Anxiety and stress) : અગર Nail Biting (દાંતથી નખ કોતરવા) ની આદત હોય તો એ common છે. અગર બચ્ચાઓમાં હોય તો એ ફક્ત આદત કહેવાય. મગર જો આ આદત મોટાઓમાં હોય તો એ માનસિક તનાવની નિશાની છે. Nail Biting કરવાથી નખમાં infection થવાના chances વધી જાય છે. ઘણાને Thumb sucking (અંગૂઠો ચૂસવો) ની આદત હોય છે જેનાથી નખ નરમ પડી જાય છે, જેથી Infection થઇ શકે છે.

(૫) બીજી કોઇ Body માં બીમારી હોય શકે છે : નખનો રંગ બદલાવવો જેમકે;

સફેદ પડતા - Liver Disease

અડધા સફેદ અડધા ગુલાબી - Kidney disease

લાલ પડતા - Heart disease

પીળા પડતા - Lung disease : અગર lungs ની કોઇ બીમારી લાંબા વકતથી હોય તો blood માં oxygen ની કમીના સબબ નખનો આકાર બદલાય જાય છે. નખ આગળથી વળી જાય છે.

નખ પર ખડ્ડા પડવા - Psoriasis

નખ ને નીચે લાલ lines - Lupus નામની બીમારી હોય શકે છે.

આના સિવાય અગર નખના આકાર, પ્રકાર યા રંગમાં અચાનક બદલાવ આવે તો Doctor ને ઝરૂર કહેવું જેથી બરાબર diagnosis થઇ શકે. ★

* આજવા રોડ : **આરામ ક્લીનીક :**
  રવિવાર / બુધવાર : સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦, જુમોઆ : સાંજે ૫:૦૦ થી ૮:૦૦
* જહાંગીર પૂરા : **ધર્મજવાલા ફીઝીયો થેરેપી સેન્ટર :**
  મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧:૦૦ થી ૧:૦૦
* વાસણા રોડ : **જેન્ટલ ક્યોર ક્લીનિક :**
  શનિવાર : સાંજે ૫:૦૦ થી ૮:૦૦
  **ફોન : ૯૯૨૫૮ ૪૪૫૯૯.** ★

**મૌ ઇમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "અલ્લાહતઆલાએ હમને હર એક જાનવરની બોલી-ઝબાન શીખાવી છે." એક મરતબા જે વક્ત આપ મસ્જિદમાં બેસા હતા અને અસ્હાબને નસીહત ફરમાવી રહ્યા હતા, તે વક્ત આપના પાસે વરશાન પંખીનું એક જોડું ઊડીને આવું. આ બેવે ચકલા-ચકલી આપસમાં કંઇ બોલા. આપ મૌલાએ તે બેવેની વાત સાંભલીને કંઇ ફરમાવું. તે પછી તે બેવે ઊડા અને એક દીવાર પર બેસીને કંઇ બોલા. આ બાબત પર આપને સવાલ થયો તો આપ મૌલાએ ફરમાવું કે, "તમામ જાનવરો, પરિંદહ, ચરિંદહ, દરિંદહ હમારા ફરમૉંબરદાર હોય છે." તમેં જે ચકલાને જોયો તેએ ચકલી પર કંઇ ઇલ્ઝામ લગાવો હતો. ચકલીએ મારા કસમ ખાઇને ઇલ્ઝામ બાબત ખુલાસો પૈશ કીધો અને પોતે બેકુસૂર છે તે સાબિત કીધું. ચકલો બોલો કે, શું તું અપના આ ઇમામ મોહંમદ બિન અલી (અ.સ.) જે કહેશે તે તું માનશે? ચકલીએ કુબૂલ કીધું. મેં તે બેવેને જવાબ આપો કે, ચકલાએ ચકલી પર જે ઇલ્ઝામ લગાવો છે તે ગલત છે અને આ બાબત ચકલો ઝાલિમ છે. મારો ફેસલો સાંભલી ચકલો રાઝી થઇ ગયો અને તે બેવેમાં સુલેહ થઇ ગઇ. હમેં જેમ ઇન્સો જિન્નના ઇમામ છીએ, તેમ તમામ મખ્લૂક પર પણ હમારી ઇમામતની ચાદર છે, હમેં તમામના ઇમામ અને ઇન્સાફ કરનાર છીએ.** ★

**ઘરમાં ગસબ (ગલત રીતે હાસિલ કરવું) કીધેલો પત્થર યેના વીરાન થાવાનો ઝામિન છે-સબબ છે.**

## -::: ઝાહેર ખબર :::-

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

**પરફ્યુમના શો-રૂમ વાસ્તે ફુલટાઇમ દીકરાઓની ઝરૂરત છે. તાત્કાલિક આવીને મળો :**

**હમઝાઅલી અત્તારવાલા**

**મો.: ૯૩૭૬૨૧૭૩૪૨.** ★

---

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

---

### બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

---

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

### R. J. Collection

**Cotton Dress Material & Kurtas**

*Jennifer Ismail Chhaliyarwala*

*&*

*Rozeta Abizar Motiwala*

101, Huseni Villa, Taiyebi Park, Ajwa Road, Vadodara - 19.

M.: 7698252315. ★

---

### અપ્સરા કલેક્શન

**ગીફ્ટ આઇટમ, ઇમીટેશન, ઇલેક્ટ્રોનીક્સ ગેમ, પરફ્યુમ, સીમ કાર્ડ, મેમરી કાર્ડ, પેન ડ્રાઇવ, મોબાઇલ.**

---

### અપ્સરા રબર સ્ટેમ્પ

**રબર સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, ઝેરોક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ.**

---

જીએફ-૭, સાંઈ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની બાજુમાં, પ્રતાપનગર, વડોદરા - ૦૪. ★

---

**ખુશકિસ્મત છે એ શખ્સ, જેનું દિલ અલ્લાહનો શુક્ર કરનારૂં હોય અને જેની ઝબાન અલ્લાહની ઝિક્ર કરનારી હોય.**

## -::: મુબારક બાદી :::-




**ફાતેમાબેન અનીસભાઇ વ્હોરા** કે જે હેતમપુરા ગામના સરપંચ છે તેમને સ્વર્ણિમ ગ્રામ પંચાયત અને સ્વચ્છ અને સ્વસ્થ ગામ એવોર્ડ ગાંધીનગરમાં હાસિલ થયેલા છે. ★

**અગર મુમિન એમ ચાહે કે એની ઝિંદગી દરાઝ થાય તો એ વુઝુને કામિલ કરે, પૂરી કરે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) મૌ.આદમ (અ.સ.) તમામ ઈન્સાનોના ---- છે. (૨)

(૨) નેક, ખુશગવાર. (૩)

(૩) મુમિનને વાસ્તે કબ્રમાં મુબશ્શિર અને ---- આવશે. (૩)

(૭) ---૨ ને જોવા જાવું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત છે. (૨)

**આડી તરકીબ :**


(૨) નમાઝ પઢીને દોઆ કરવામાં ઘણો ---- છે. (૩)

(૪) ---- ની રઝા બગૈર હજ કુબૂલ થાતી નથી. (૨)

(૫) કરબલામાં ૬ મહીનાના ---ખ્વાર મૌ.અલી અસગર (અ.સ.) શહીદ થયા. (૨)

(૬) ---- ના મરસિયા, નૌહા અને સલામ મશ્હૂર છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

## -::: મોહર્રમુલ હરામ - માહે ગમે હુસૈન (અ.સ.) :::-

**હિલાલે માહે મોહર્રમ કા એહતેરામ કરો,**
**સરે નિયાઝ ઝુકાઓ, ઉઠો સલામ કરો,**
**અગર હૈ ચાહ કે દુનિયા સંવર સંવર જાએ,**
**અઝા-એ-બઝમ મે આઓ, યે નેક કામ કરો.**
**બેકસ કા હૈ ગમ નાલ-ઓ-ફરિયાદ કરો,**
**ઔર દિલ કો હર એક ફિક્ર સે આઝાદ કરો,**
**અકબર કો ઔર અસગર કો કિયા તુમ પ ફિદા,**
**શબ્બીર કે એહસાન ઝરા યાદ કરો. ★**

---

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | |
|---|---|
| નામ | : **ઝિયાઉદ્દીન અબ્દુર્રસૂલ રંગવાલા (કુવાવાલા)** |
| વફાતની તારીખ | : ૯ ઝિલહજ્જ ૧૪૩૨/૦૫-૧૧-૨૦૧૧. |
| સરનામું | : નાગપાડા, મુંબઈ. |
| ફોન | : ૦૨૨-૨૩૦૮૭૪૭૨ |

---

| | |
|---|---|
| નામ | : **કીબુ શરફઅલી દારૂવાલા** |
| વફાતની તારીખ | : ૧૩ ઝિલહજ્જ ૧૪૩૨/૯-૧૧-૨૦૧૧. |
| સરનામું | : ભાઈખલા, મુંબઈ. |
| ફોન | : ૦૯૮૬૯૮૭૬૬૫૦ |

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**સૈયેદેના ઇદરીસ ઇમાદુદ્દીન (આ.કુ.) ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત કરે છે કે, અલ્લાહતઆલાએ પોતાની ઝાતથી પાંચ નૂરાની હસ્તીઓને પૈદા કીધી છે. તેમાં હરએક ને પોતાના નામથી જોડેલા છે : (૧) અલહમ્દ થી મોહમ્મદ (૨) અલીયુલ અઝીમ થી અલીયુલ મુરતઝા (૩) ફાતેરૂસ્સમાવાત થી ફાતેમા (૪) મોહસિન થી હસન (૫) એહસાન થી હુસૈન.**

**અલ્લાહતઆલાને એવા અમલ પસંદ છે કે જે હમેંશાને વાસ્તે કરતો જાય ભલેને નાના હોય.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### નખ (Nails) શું કહે છે ?

હાથ અને પગની આંગળીઓના છેડા પર જે નખ યા Nails હોય છે તે ફક્ત beauty નો એક હિસ્સો નથી. પગના નખ જલ્દી વધે છે. નખ keratin નામના protein થી બનેલા હોય છે જે ચામડી અને hairs માં પણ હોય છે. નખના six parts હોય છે. હર કોઈના નખનો shape (આકાર), texture (પ્રકાર) અને colour (રંગ) અલગ અલગ હોય છે. આંગળીઓના નખ મહિનામાં 3-4 mm અને પગના નખ 1-2 mm વધે છે. જે હાથથી કામ વધારે કરાતું હોય એ હાથના નખ જલ્દી વધે છે. ગરમીની મૌસમમાં નખ જલ્દી વધે છે. નખ અપની સેહતનો આઈનો છે. તંદુરસ્ત નખ જીસ્મની તંદુરસ્તીની નિશાની છે. અગર નખ ખરાબ હોય તો એ જીસ્મમાં કોઈ બીમારી હોવાનું સાબિત કરે છે જેમકે,

(૧) ખોરાકની કમી - Nutritional Deficiency : Body માં અલગ oron અને protein ની કમી નખ પર દેખાય શકે છે. Iron ની કમી ના લીધે નખ સફેદ દેખાય છે. Anemia (Iron ની કમી) ની પહેલી નિશાની સફેદ Nails છે. અગર Anemia વધારે હોય તો નખ "ચમચી" ના આકારના થઈ જાય છે. અને આસાનીથી ટૂટી જાય છે. Proteins ની કમીથી નખની ચમક ઓછી થઈ જાય છે અને Rough (ખરબચડા) થઈ જાય છે.

(૨) Infection : Nails માં fungal infection થવાથી એનો આકાર બદલાય જાય છે. સફેદ યા કાલા દાગ પડી જાય છે અને વચમાંથી જ પોપડી બનીને ખરી પડે છે. નખના fungual infection ને treat કરવામાં ઘણો સમય લાગે છે. Nails માં વારંવાર Bacterial Infection (નરયું પાકવું) થવાનું કારણ Diabetes પણ હોય શકે છે. Nails ને આસપાસ viral infection થવાથી warts (મસા) થાય છે.

(૩) Injury (માર લાગવો) : હાથની યા પગની આંગળી દરવાઝામાં યા drawer માં દબાઈ જવી common છે. નખ પર માર લાગવાથી યા Injury થવાથી સફેદ દાગ પડી જાય છે. અગર વધારે માર લાગો હોય તો નખ કાલા પડી જાય છે. મગર જેમ જેમ નવો નખ આવે તેમ તેમ આ દાગ નિકળી જાય છે. માર લાગ્યા વગરના કાલા યા ભૂરા ડાઘ allergy, infection, psoriasis યા melanoma (એક પ્રકારનું cancer) ના લીધે પણ હોય શકે છે. વધુ પડતી nail polish યા nail polish remover

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદીના** માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★